જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૦૮/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૩૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૫ | ૦ | ૧૦૩૬૫ | ૧૬૪૫૫ | ૦ | ૧૬૪૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૭૧ | ૨ | ૧૪૦૭૩ | ૧૪૭૧૫ | ૮ | ૧૪૭૨૩ |
| | કુલ | ૨૮૮૧૮ | ૨ | ૨૮૮૨૦ | ૩૭૨૩૬ | ૮ | ૩૭૨૪૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૪,૦૯,૪૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૧ | ૮૧,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## વાહન ચાલકોની નજર ચુકવી મો. ફોનની ચોરી કરતા ચોર ઈસમને મુદ્દામાલ (મો. ફોન) સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ અચલ ત્યાગી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે તા-૨૦/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના પો. સબ ઈન્સ. તથા પોલીસ સ્ટાફના માણસો ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને અ.લો.ર. નીકુજકુમાર ભીમરાવ બ.નં.-૬૩૦ નાઓને મળેલ બાતમી હકીકતના આધારે કલાક- ૧૩/૧૫ વાગે ઓઢવ ગુરૂદ્વારાની સામે મહારાજા હોટલની આગળ જાહેર રોડ પાસેથી એક ઈસમને મુદ્દામાલ (મો. ફોન) સાથે પકડી લઈ મુદ્દામાલ કબ્જે કરી સ્થાનીક કક્ષાએ મિલ્કત સંબધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા-૨૦/૦૮/૨૦૨૦

ગુ.ર.નં.-ઓઢવ પો. સ્ટે. પાર્ટ બી/૧૧૧૯૧૦૩૭૨૦૦૯૪૮/૨૦૨૦ ધી ઈ. પી. કો. કલમ-૩૭૯ મુજબ

આરોપી- દીપકકુમાર સ/ઓ અશોકભાઈ પુનમભાઈ ચુનારા ઉ.વ.-૨૩ રહેવાસી- ઔડાના મકાન ઈન્દીરાનગર કુબડથલ પાટીયા કુંજાડ તા-દસ્ક્રોઈ જી. અમદાવાદ

મુદ્દામાલ- વીવો એક્સ-૫૦ પ્રો સ્માર્ટ મો.ફોન આઈ.એમ.ઈ.આઈ. નંબર- ૮૬૦૩૬૭૦૪૯૫૬૬૫૫૯ નો તથા ૮૬૦૩૬૭૦૪૯૫૬૬૫૪૨ નો છે તે જેની કી. રૂ.- ૪૫૦૦૦/- તથા રોકડા નાણા રૂ.- ૧૦૦/- કુલ રૂ-૪૫૧૦૦/- નો મુદ્દામાલ

કામગીરી કરનાર- (૧) પો. સબ ઈન્સ. આર. એ. ઝાલા (૨) અ. લો. ર. પરિમલ મોહનભાઈ બ.નં.- ૧૨૯૬૨

## દરીયાપુર પોલીસ સ્ટેશન :

### રીઢા ચોરને રીક્ષા ચોરી કરતાં શોધી કાઢતી દરીયાપુર પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર ઝોન–૪ શ્રી રાજેશ ગઢીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી આર.આઈ. જાડેજા તથા પોલીસ ઈન્સપેકટર શ્રી જે.બી ચાવડા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તા-૨૩/૮/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન દરીયાપુર પો.સ્ટે સ્ટે.ડા નં-૧૫/૨૦૨૦ સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ તા-૨૩/૮/૨૦૨૦ ના કામના આરોપીઓ (૧) દીપુ @ ફેન સન/ઓ ઓમપ્રકાશ ચૌધરી ઉ.વ-૨૪ રહે- મનં-૩/૯૨ શીવમ આવાસ યોજનાના મકાન માધવ ફાર્મની બાજુમાં વસ્ત્રાલ અમદાવાદ શહેર (૨) નિલ સન/ઓ મહેશભાઈ રતિલાલ સોલંકી ઉ.વ-૨૨ રહે- બ્લોક નં-૨/૪૦ પંચરત્ન આવાસ યોજના મકાન રીલાયન્સ પેટ્રોલપંપની પાસે વસ્ત્રાલ અમદાવાદ નાઓ ઓટોરીક્ષા નં જીજે-૨૭-વાય-૩૧૯૨ કિં. રૂ.૪૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આજરોજ તા-૨૩/૮/૨૦૨૦ ના કલાક ૧૭/૧૫ વાગે મળી આવેલ અને જેઓની પુછપરછ માં તેઓએ ઓઢવ પોલીસ સ્ટેશનવિસ્તારમાં આજરોજ વહેલી સવારમાં આશરે સાડા ત્રણેક વાગે આ રીક્ષા ઓઢવ ફાયર બ્રીગેડની સામે પંપીંગ સ્ટેશન ની બાજુમાં લોક તોડી ચોરી કરેલ હોવાનુ હોવાની કબૂલાત કરેલ હોય **આજરોજ તા-૨૩/૮/૨૦૨૦ ના કલાક ૧૭/૧૫ વાગે ઉપરોકત બન્ને ઈસમોને નજરકેદ કરી પ્રશસનીય કામગીરી કરેલ છે.**

**આરોપીઓ** :- (૧) દીપુ @ ફેન સન/ઓ ઓમપ્રકાશ ચૌધરી ઉ.વ-૨૪ રહે- મનં-૩/૯૨ શીવમ આવાસ યોજનાના મકાન માધવ ફાર્મની બાજુમાં વસ્ત્રાલ અમદાવાદ શહેર (૨) નિલ સન/ઓ મહેશભાઈ રતિલાલ સોલંકી ઉ.વ-૨૨ રહે- બ્લોક નં-૨/૪૦ પંચરત્ન આવાસ યોજના મકાન રીલાયન્સ પેટ્રોલપંપની પાસે વસ્ત્રાલ અમદાવાદ

**ઝડપી પાડનાર અધિકારી/કર્મચારીઓ**:- (૧) પો.સબ.ઈન્સ શ્રી આર.પી દરજી (૨) મસઈ અકબરખાન શેરખાન (૩) હેકો જીતેંદ્રભાઈ સુરજીભાઈ બનં-૯૩૯૯ (૪) હેકો ઉદયભાન લક્ષ્મીકાંત (૫) પોકો જીવણભાઈ રૂખડભાઈ (૬) લોકરક્ષક સંજયસીગ માનસીંગ (૭) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ (૮) લોકરક્ષક વસીમમીયાં ઉસ્માનમીયાં (૯) લોકરક્ષક મેરામણભાઈ કિસાભાઈ (૧૦) લોકરક્ષક ધનરાજસીહ દીપસીહ

## આરોપીઓનો પુર્વ ઈતિહાસ

| | |
|---|---|
| (૧) દીપુ @ ફેન સન/ઓ ઓમપ્રકાશ ચૌધરી **નો પુર્વ ઈતિહાસ**<br>((૧) સાબરમતી રીવર ફ્ન્ટ ઈસ્ટ પો.સ્ટે ફસ્ટ-૧૯/૨૦૧૭<br>ઈપીકો કલમ ૩૭૯<br>(૨) બાપુનગર પો.સ્ટે ફસ્ટ-૨૮/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪<br>(૩) રામોલ પો.સ્ટે ફસ્ટ-૯૩/૨૦૧૬ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪<br>(૪) સરદારનગર પો.સ્ટે ફસ્ટ- ૯૮/૨૦૧૬ ઈપીકો કલમ ૩૭૯ ,૧૧૪<br>(૫) સરદારનગર પો.સ્ટે ફસ્ટ-૧૨૦/૨૦૧૬ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪<br>૬)શહેરકોટડા પો.સ્ટે ફસ્ટ-૧૯૪/૨૦૧૪ ઈપીકો કલમ ૩૮૦,૪૫૪૪૫૭,૧૧૪ | (૭) સદરદાનગર પો.સ્ટે ફસ્ટ- ૨૧૮/૨૦૧૭ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ ,૧૧૪<br>(૮) ઓઢવ પો.સ્ટે ફસ્ટ-૨૨૦/૨૦૧૮ ઈપીકો કલમ ૩૮૦,૪૫૪,૪૫૭,<br>(૯) શહેરકોટડા પો.સ્ટે ફસ્ટ- ૨૫૩/૨૦૧૪ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪<br>(૧૦) નરોડા પો.સ્ટે ફસ્ટ- ૫૭૮/૨૦૧૪ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪<br>(૧૧) ઓઢવ પો.સ્ટે સેકન્ડ -૩૩૬૬/૨૦૧૮ આર્મસ એક્ટ કલમ ૨૫(૧)બી,એ મુજબ |



## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

## મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

**(૧)**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા **અંગેની સુચના મળતા** જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી એ.પી.ગઢવી સાહેબ ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા એ.એસ.આઇ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા હેડ.કોન્સ. વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો. વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી મોહસીન જાફરભાઇ સૈયદ ઉ.વ.૩૪ રહે : અલ મિનાજ રો હાઉસ મેમુના મસ્જિદની પાસે હિમાલીયા બેકરીની ગલીમાં બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાને ચોરીના બજાજ પ્લસર મો.સા.નં.જીજે.૦૧.એસ.વાય.૭૭૫૭ કિ,રૂ,૨૫,૦૦૦/ ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પો.સ્ટે.પાર્ટ એ નં.૧૧૧૯૧૦૧૨૨૦૧૦૦૭/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢેલ છે.

**(૨)**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી “ કે ” ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા **અંગેની સુચના મળતા** જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી એ.પી.ગઢવી સાહેબ ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આઇ.એ.ઘાસુરા પો.સબ.ઇન્સ.તથા એ.એસ.આઇ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા હેડ.કોન્સ. જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં. ૫૬૮૮ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **જાકીરહુસેન ઉર્ફે પાલે મહમદઇસ્માઇલ શેખ ઉ.વ.૩૨ રહે : બ્લોક નં.૩૩ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળિયા વટવા સદભાવના પોલીસ ચોકીની સામે વટવા અમદાવાદ શહેર** નાને ચોરીની નંબર વગરની સુઝુકી એકસેસ કિ,રૂ,૨૫,૦૦૦/ ના મુદ્દામાલ સાથે પકડી લઇ માધુપુરા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૦૨૦૧૪૦૪/૨૦૨૦ ધી ઈપીકો કલમ-૩૭૯ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢેલ છે.

**<u>ક્રાઇમ બ્રાંચ :</u>**

## ત્રણ આરોપીઓને ૪ મોબાઈલ ફ્રોન સાથે પકડી ચોરીના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલતી શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં બનતા મોબાઈલ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમબ્રાંચના ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા નાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી. ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન તા.૨૩/૦૮/૨૦૨૦ ના રોજ એ.એસ.આઈ. વિજયસિંહ ઈશ્વરસિંહ તથા હે.કો.ઇમ્તીયાઝઅલી ઉમરાવઅલી નાઓને મળેલ બાતમી હકીકત આધારે રોયલ અકબર ટાવર પાસેથી આરોપીઓ (૧) શાહરુખ ઉર્ફે નિઝામુદ્દિન સમસુદ્દીન સૈયદ ઉ.વ.૩૭ રહે. મકાન નં.૩૬, સંજરી સોસાયટી, ઝલક ફ્લેટની પાછળ, જુહાપુરા, અમદાવાદ શહેર (૨) મહંમદ વસીમ મહમદ હનીફ મનસુરી ઉ.વ.૨૫ રહે. મ.નં.૯,અજીમ ફ્લેટ, મુસ્કાન ગાંડન પાસે, જુહાપુરા, અમદાવાદ શહેર નાઓને (૧) એક ગ્રે કલરનો આઈ iPhone 11 Pro કિરૂ.૭૦,૦૦૦/- (૨) એક સિલ્વર તથા કાળા કલરનો Mi કંપનીનો 5A મોડલનો મોબાઇલ કિં.રૂ. ૩૦૦૦/- તથા (૩) એક બ્લ્યુ કલરનો સેમસંગ J6 plus મોબાઇલ કિં.રૂ.૪૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૭૭,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી વસ્ત્રાપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૨૦૧૪ ૦૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦ મુજબ તથા નિકોલ વિસ્તારમાંથી બે મોબાઈલ ચોરી એમ કુલ-૨ ચોરીના ગુના શોધી કાઢેલ છે.તેમજ હે.કો.ધીરજકુમાર લક્ષ્મણભાઇ તથા હે.કો.નરેન્દ્રસિંહ શિવઅધારસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે બોડકદેવ NFD સર્કલ પાસેથી આરોપી આકાશ વિનોદભાઇ વાંસફોડા ઉવ.૨૧ રહે.માધવફાર્મ પાર્ટી પ્લોટની બાજુમાં છાપરામાં હેબતપુર રોડ થલતેજ સેટેલાઇટ અમદાવાદ શહેર નાને વાદળી અને સફેદ કલરના Redmi Note 8 Pro મોબાઇલ ફોન કિરૂ. ૭૦૦૦/- ના મુદામાલ સાથે પકડી ચાંદખેડા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૦૦૬૯૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધવામાં આવેલ છે.

### <u>આરોપીઓનો ગુનાહીત ઇતીહાસ</u>

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી આકાશ વાંસફોડા નાને અગાઉ દોઢ વર્ષ પહેલા ક્રાઇમબ્રાંચે ચોરીની રીક્ષા સાથે પકડેલ અને આ રીક્ષા તેણે સોલા વિસ્તારમાંથી ચોરી કરેલ હોય તેને સોલા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ હતો.

<u>શોધાયેલ ગુન્હા</u>

(૧) વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૪૦૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦ મુજબ.

(૨) ચાંદખેડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૬૯૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૩) એક માસ અગાઉ બાપુનગર ખોડીયારનગર ચાર રસ્તા ખાતે સાંજના સમયે સિગ્નલ ઉપર એક ભાઈ મોટર સાયકલ લઈને ઉભા હોય તેઓને અથડાઈ વાતોમાં ભોળવી તેઓની નજર ચુકવી શર્ટના ખિસ્સામાંથી બે મોબાઈલ ફોનની ચોરી કરેલ છે.

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

**(૧)**

## છેલ્લા ૩ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા ફરતા આરોપીઓ પકડવા **અંગેની સુચના મળતા** જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી એ.પી.ગઢવી સા.ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા હેડ.કોન્સ. ઇન્દ્રજીતસિહ ભાવુભા બ.નં.૪૬૯૭ તથા હેડ.કોન્સ.ધર્મરાજ યુવરાજ બ.નં.૮૬૯૮ તથા પો.કો. ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.કમલેશકુમાર હસમુખાલ બ.નં.૪૪૯૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓની ટીમની નિમણુંક કરવામાં આવેલ હોય જેથી ઉપરોકત અધિ./કર્મચારીઓ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારુ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગમાં નીકળેલ હતા તે દરમ્યાન સાથેના પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ તથા પો.કો. રફીક યુનુસભાઇ નાઓને ખાનગી હકીકત મળેલ કે દાણીલીમડા પોલીસ સ્ટેશન પ્રોહિ.ગુ.ર.નં. ૫૧૩૨/૨૦૧૭ ધી પ્રોહિ.કલમ-૬૬(બી),૬૫(ઇ),૮૧ મુજબ ના ગુનામાં પકડવાના બાકી આરોપી બાબુ જાલમભાઇ માવી રહે : સાલા પાડા માવી ફળિયુ તા.જિ.દાહોદ નાનો દાહોદ રૂરલ પો.સ્ટે.ખાતે હથિયારના ગુનામાં પકડાયેલ છે જેથી સદરી આરોપી બાબતે દાહોદ રૂરલ પો.સ્ટે.ખાતે તપાસ કરાવતા સદરી આરોપી દાહોદ સબ જેલ ખાતે હોવાની હકીકત જણાઇ આવતા સદરી આરોપીનો દાહોદ સબ જેલ ખાતેથી ટ્રાન્સફર વોરન્ટ આધારે કબજો મેળવી લઇ સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અત્રેના દાણીલીમડા પોલીસ સ્ટેશનના પ્રોહિ.ના **ગુનામાં છેલ્લા ૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને** પકડી લઇ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**(૨)**

## ગૌ વંશના ગુનામાં છેલ્લા અઢી મહિનાથી નાસતા ફરતા આરોપીઓ ઝડપી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી એ.પી.ગઢવી સા.ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા એ.એસ.આઇ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં. ૫૬૩૬ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા હેડ.કોન્સ. વિજયસિંહ રજુજી બ.નં.૯૦૩૬ તથા પો.કો.ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બ.નં.૫૬૮૮ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.વિશ્વરાજસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે દાણીલીમડા પોલીસ સ્ટેશન બી પાર્ટ નં.૧૧૧ ૯૧૦૧૨૨૦૦૩૪૫/૨૦૨૦ ધી પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ ની કલમ-૫,૬,૭,૮,૧૦ તથા ધી પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૬(ખ) મુજબ તથા બી.પી.એમ.સી.એકટ કલમ-૩૩૫,૩૯૨ મુજબ ના ગુનામાં છેલ્લા અઢી મહિનાથી નાસતા ફરતા આરોપીઓ (૧) સિરાજુદીન અનરૂદીન શેખ ઉ.વ.૩૧ રહે : ૫૨/૫ સાઇડ એન્ડ સર્વિસના છાપરા ગંજ શહીદ કબ્રસ્તાનની સામે દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૨) ઇમરાન અનવરૂદીન શેખ ઉ.વ.૨૮ રહે : સદર નાને પકડી લઇ પ્રશંશનીય કામગીરી કરેલ છે.

## છેલ્લા ૧૮ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી એ.પી.ગઢવી સા.ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા એ.એસ.આઇ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં. ૫૬૩૬ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા હેડ.કોન્સ. વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ તથા પો.કો. વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૮/૨૦૦૨ ધી ઇ.પી.કો.કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૦૭ તથા આર્મ્સ એકટ કલમ-૨૫(૧-બી),એ તથા એકસપ્લોઝીવ એકટ કલમ-૫ વિગેરે મુજબ ના ગુનામાં છેલ્લા ૧૮ વર્ષથી નાસતા ફરતા આરોપી અબ્દુલકાદીર અબ્દુલહમીદ શેખ ઉ.વ.૪૬ રહે : મ.નં.૧૧/૨૫૮ પરિક્ષિતલાલનગર દાણીલીમડા અમદાવાદ શહેર નાને પકડી લઇ પ્રશંશનીય કામગીરી કરેલ છે.

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>ડી.જી.પી.શ્રીની ડ્રાઇવ અનુસંધાને ભોગ બનનાર બાળા તથા છેલ્લા ૨ વર્ષથી અપહરણ તથા બળાત્કારના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઉત્તરપ્રદેશના ઇટાવા જીલ્લામાંથી પકડી પાડતી નારોલ પોલીસ</u>

ગુજરાત રાજ્ય ડી.જી.પી. સાહેબશ્રી નાઓએ ૦ થી ૧૮ વર્ષના ગુમ/અપહરણ બાળકોને શોધવા માટે સ્પેશ્યલ ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે ૦ થી ૧૮ વર્ષના ગુમ/અપહરણ બાળકોને શોધવા સારૂ અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ગુ.ર.નં. ૭૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન),૧૧૪ તથા પોક્સો એકટ ૨૦૧૨ની કલમ ૩,૪, ૫(એલ), ૬,૮,૯(એલ),૧૦,૧૧,(૬),૧૨,૧૭ મુજબ ના કામના ફરીયાદીશ્રીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ ૩ માસ નાનીને આ કામનો આરોપી <u>શનિકુમાર રામજીવન જાતે જાટવ ઉ.વ. ૨૩ રહે, યુનુસભાઇના કંપાઉન્ડ્માં બહેરામપુરા અમદાવાદ તથા મુળ ગામ-સરાવા થાના-ભરથાના જી-ઇટાવા ઉત્તરપ્રદેશ</u> નાએ ભોગબનનારને ફરી.શ્રીના રહેણાંક મકાનેથી તેઓના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન અગર જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયેલ જે ગુનાના કામે સદર આરોપી છેલ્લા ૨ વર્ષથી નાસતો ફરતો રહેલ હોય હકિકત તથા મોબાઇલ ફોન કોલ ડીટેઇલ એનાલીસીસ આધારે તથા ટેકનીકલ સ્ટાફની મદદ મેળવી હકિકત મેળવી પોલીસની અલગ અલગ ટીમ બનાવી ઉત્તરપ્રદેશના ઇટાવા જીલ્લા ખાતે મોકલી આપતા પોલીસ ટીમના માણસોએ ખંતપુર્વક તપાસ કરતા આરોપી તથા બોગબનનારને શોધી કાઢી અત્રેના પોલીસ સ્ટેશન રજુ કરતા પ્રથમ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ મહામારી અનુસંધાને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ આરોપીની કોરોના અંગેની સારવાર કરાવી કોરોના અંગેનો રીપોર્ટ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતેથી નેગેટીવ આવતા તા. ૨૨/૦૮/૨૦૨૦ ના કલાક – ૧૭/૦૦ વાગ્યે સદરી આરોપીને અટક કરી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ભોગબનનારને તેના માતા-પિતાને સોંપી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા આ સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. તા. ૨૨/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી કર્મચારી :-

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન

અ.મ.સ.ઇ. અમ્રુતજી અળખાજી બ.નં. ૫૫૬૨, અ.પો.કો. વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં. ૯૯૩૪ તથા અ.લો.ર દોલતસિંહ ભાવસંગભાઇ બ.નં. ૧૨૦૯૦ તથા અ.લો.ર.ચેતનાબેન દીનુસિંહ બ.નં. ૨૬૭૪

આરોપીનો ફોટો



## ખોખરા પોલીસ સ્ટેશન :-

**એસીડ એટેક ના ગુનાના કામનો આરોપી પેરોલ રજા પર આવી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સમયસર હાજર નહી થઇ પેરોલ જમ્પ કરી જનાર આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરતો ખોખરા સર્વેલન્સ સ્કવોડ**

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પેરોલ/ફર્લો /વચગાળાના જામીન પર છુટી સમયસર સાબરમતી જેલ ખાતે હાજર નહી થયેલ ઇસમોને શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી.આર.એન.ચુડાસમા તથા હે.કો. ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા અ.હેડ.કોન્સ જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા લો.ર.સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૬૮ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા તથા લો.ર.વિજયસંગ રતનસંગ બ.નં.૧૧૫૮૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. અમરસિંહ ડાહ્યાજી તથા લો.ર.સંજયભાઇ મેહુરભાઇ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકીકત મળેલ કે ખોખરા પોસ્ટે ફ. ગુ.ર.નં.૧૨૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૨૬(એ), ૨૯૪(ખ) મુજબના ગુનાના કામના આરોપી હીરાભાઇ મફાભાઇ નાડીયા ઉ.વ.૪૫ રહે..નહેરૂનગરના છાપરા હાટકેશ્વર બસ ડેપો સામે લાલબંગલા અમરાઇવાડી અમદાવાદ શહેરનાનો સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી તા.૩૦/૦૭/૨૦૨૦ થી તા.૦૭/૦૮/૨૦૨૦ સુધી વચગાળા જામીન ઉપર મુકત થયેલ હોય જે આરોપીને તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૨/૦૦ વાગ્યે હાજર થવાનુ હોય જે આરોપી સાબરમતી સેન્ટ્રલ ખાતે હાજર નહી થઇ પેરોલ જમ્પ કરી ગયેલ હોય જે આરોપી હાટકેશ્વર સર્કલ થી પસાર થનાર છે.જે ચોક્કસ બાતમી હકીકત આધારે સદરી ઇસમને પકડી પ્રશસંનીય કામગીરી કરેલ છે.તા.૨૩/૦૮/૨૦૨૦



# પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## પ્રોહિબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલ ચાર (૪) ઇસમોની અટકાયત કરી પાસા હેઠળ સુરતની જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધિત ગુનાઓ આચરેલ તે ગુનાઓની માહિતી એકઠી કરી પાસા અટકાયતી (૧) સુરેશ ઉર્ફે ઘેટી દોલતાભાઇ જાતે દંતાણી (વાધરી) ઉ.વ.-૪૫ રહે.કેશવણીનગરના છાપરા મોર્ડન નર્સરી પાછળ ભાઠા ગામ વાસણા અમદાવાદ શહેર (૨) અશરફ ઉર્ફે સેનીયો વસીમભાઇ જાતે પીલુડીયા ઉ.વ.૪૩ રહે. ૪૨ સિપાઇવાસ બાબુભાઇઅની ચાલી જમા મસ્જીદની પાસે સરખેજ અમદાવાદ શહેર (૩) વલીમહમદ ઉસ્માનભાઇ જાતે ધાંચી ઉ.વ.૩૮ રહે.હબીબાપાર્ક સોસાયટી ચીસ્તીયા પાર્કની સામે જાંબુનો ડેલો ભરતનગર પાસે સરખેજ અમદાવાદ શહેર (૪) મોહંમદયુસુફ મોહમંદખલીલ જાતે પઠાણ ઉ.વ.૩૬ રહે.તાજપુરનો ટેકરો ગોલ્ડન હાઉસની પાછળ સરખેજ અમદાવાદ શહેર નાઓની પ્રોહીબિશનની પ્રવુત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત ચારેય આરોપી વિરૂદ્ધ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત ચારેય આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહની કામગીરી કરેલ છે. તા.૨૩/૦૮/૨૦૨૦.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પો.સ્ટે.

અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

આરોપીઓનો ફોટો :-



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૯૬ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૮ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૦**

વાડજઃ પિયુષકુમાર ગીરીશભાઈ પરમાર (ઉ.વ.૩૩) (રહે. એમ.પી.ની ચાલી જુનાવાડજ) એ તા.૨૩/૦૮/૨૦૨૦ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે આરોપી જીજ્ઞેશભાઈ રમેશચંદ્ર ઠક્કર (રહે.૩૭૩/અ/૦૨ સેકટર ૧૨ સી ગાંધીનગર) એ પિયુષકુમાર પરમારના ફેસબુક ઉપર લોભામણી જાહેરાત આપી "ઓન લાઈન ક્રેડીટ કાર્ડ સ્વાઈપ કર્યાના ૩૦ મિનીટમાં પૈસા તરત જ ખાતામાં જમા થઈ જશે" તેવુ જણાવી પિયુષકુમાર પરમાર પાસેથી આધાર કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ તથા બેંકના ખાતી માહિતી મેળવી તેમજ પિયુષકુમાર પરમારના મોબાઈલ ફોનમાં આવેલ ઓ.ટી.પી.નંબર મેળવી લઈ પિયુષકુમાર પરમારના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/- સ્વાઈપ કરી ખાતામાં રૂપિયા ૯૯,૦૦૦/- જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૦**

**રાણીપઃ** તુષાર મયુરકુમાર ગોહિલ (ઉ.વ.૨૯) (રહે.પુર્ણ પુરષોત્તમ ફ્લેટ વિભાગ-૨ સુવર્ણ ફ્લેટની બાજુમાં રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૦ બપોરના ૪/૦૦ થી સાજના ૫/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટુભાઇ દેવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી